દિવ્ય ભાસ્કર, અમદાવાદ ફ્રંટ પેજ
તારીખ :- ૧૮/૦૨/૨૦૨૬.

## અમદાવાદ-સુરત મેટ્રો માટે 2217 કરોડ

# થલતેજ-ગોધાવી મેટ્રો રૂટ, એરપોર્ટ, ગિફ્ટ સિટી રૂટ માટે વિશેષ ફંડની જોગવાઈ

ભાસ્કર ન્યૂઝ | અમદાવાદ

રાજ્ય સરકારે બજેટમાં અમદાવાદ અને સુરત મેટ્રો માટે કુલ 2217 કરોડ રૂપિયા ફાળવ્યા છે, જેમાંથી 1310 કરોડ અમદાવાદ મેટ્રોના વિસ્તરણ માટે ફાળવાશે. અમદાવાદમાં થલતેજથી ગોધાવી સુધીના નવા રૂટ પર સરવે સહિતની પ્રાથમિક કામગીરી શરૂ કરાશે. આગામી કોમનવેલ્થ ગેમ્સને ધ્યાનમાં રાખી તૈયાર કરાનારા આ કોરિડોરથી પશ્ચિમ અમદાવાદના વિકસતા રહેણાક અને કોમર્શિયલ વિસ્તારોને સીધી મેટ્રો કનેક્ટિવિટી મળશે અને દૈનિક મુસાફરી વધુ સરળ બનશે. એ જ રીતે શહેરમાં મેટ્રો ફેઝ-2 હેઠળ એરપોર્ટ રૂટ માટે પણ વિશેષ ફંડ ફાળવાશે. આ રૂટ સરદાર પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટને શહેરના મુખ્ય મેટ્રો નેટવર્ક સાથે જોડશે. ગાંધીનગર સ્થિત ગિફ્ટ સિટીની અંદર પણ મેટ્રો રૂટનાં કામને પ્રાથમિકતા અપાશે.

### શીલજ, બોપલ સહિતના વિસ્તારોમાં પ્રાથમિક સુવિધા, પ્રદૂષણ ઘટાડવા 800 કરોડ ફાળવાયા

અમદાવાદના શીલજ, શેલા, સાઉથ બોપલ સહિતના વિકસી રહેલા વિસ્તારોમાં પ્રાથમિક સુવિધા વિકસાવવા માટે 800 કરોડ ફાળવાયા છે. આ વિસ્તારોમાં હવાનું પ્રદૂષણ ઘટાડવા માટે પણ વ્યવસ્થા ઊભી કરવાની વ્યવસ્થા કરાશે.